Appeal(I.C.) No.14 of 2024
Order Under Ex-11

# ઔદ્યોગિક ન્યાય પંચ નં.૨ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

અપીલ(આઈ.સી.)નં.૧૪/૨૦૨૪
(ટી. અરજી નં.૧૯/૨૦૧૮)

અરજદારઃ– શ્રી વિજયપ્રસાદ કિષ્નુ મહતો,
રહે.મુ.દેવધામ, ગાંધીવાડી,
તા.ઉમરગામ, જી.વલસાડ.
C/o. ગુજરાત રાજય કામદાર સેવા સંઘ,
સાંઈ પ્લાઝા કોમ્પ્લેક્ષ, બી/૨૦૪, સેકંડ ફલોર,
ટેલીફોન એક્ષચેંજની સામે,
જી.આઈ.ડી.સી. ચાર રસ્તા, વાપી,
તા.વાપી, જી.વલસાડ.

::– વિ રૂ દ ધ –::

સામાવાળા :– શ્રી મેનેજર/ડાયરેકટર,
મેસર્સ ભાવેશ સિલ્ક ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.,
પ્લોટ નં.૯૦૯, થર્ડ ફેઈઝ,
જી.આઈ.ડી.સી. ઉમરગામ, જી.વલસાડ.

::– અપીલ રદ કરવા માટેની રીસ્પોન્ડન્ટની આંક–૧૧ ની અરજી નીચે હુકમ –::

**(૧)** રીસ્પોન્ડન્ટ તરફેની હાલની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, એપેલન્ટે નામદાર મજુર અદાલત, વલસાડના તા.૦૧/૦૩/૨૦૨૪ ના રોજના હુકમ વિરૂધ્ધ હાલની અપીલ તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ દાખલ કરેલ છે. તા.૦૧/૦૩/૨૦૨૪ ના રોજના ચુકાદાના ૩૦ દિવસ બાદ આશરે ૦૨ દિવસ બાદ હાલની અપીલ દાખલ કરેલ છે. અપીલ સાથે વિલંબ માફ કરવાની કોઈ અરજી દાખલ કરેલ નથી કે અપીલ દાખલ કરવા સંબંધે થયેલ વિલંબ બાબતે કોઈ કારણ જણાવેલ નથી. જેથી એપેલન્ટની હાલની અપીલને સમયમર્યાદાના નિયમનો બાધ નડે છે અને આ કોર્ટને એપેલન્ટની હાલની અપીલ ચલાવવા હકુમત નથી. એપેલન્ટની અપીલને સમયમર્યાદાનો બાધ નડે છે અને કાયદેસર રીતે ચાલવા પાત્ર નથી અને પ્રથમ દર્શને રદ થવા પાત્ર છે. જે રદ કરવા અરજ છે.

**(૨)** એપેલન્ટ તરફે આંક–૧૨ થી રીસ્પોન્ડન્ટની આંક–૧૧ ની અરજીનો લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં આંક–૧૧ ની અરજીની હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, મુળ ટી.અરજી નં.૧૯/૨૦૧૮ ના કામે આંક–૩૩ થી તા.૦૧/૦૩/૨૦૨૪ ના રોજ મજુર અદાલત, વલસાડ ધ્વારા કરવામાં આવેલ હુકમ તેઓને નામદાર કોર્ટ ધ્વારા તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ મળેલ છે. ત્યાર બાદ તેઓએ તેમની જાણ મુજબ હુકમ મળ્યાથી ૩૦ દિવસમાં અપીલ કરવી જોઈએ તે રીતે તેઓએ તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ અપીલ દાખલ કરેલ છે. એપેલન્ટે તે મુજબ કરેલ હોઈ અપીલને મુદતનો બાધ નડતો નથી. આ અપીલ હુકમની તારીખથી મોડી દાખલ કરેલ છે તેમ હકીકત કોઈ કારણસર નીકળી આવે તો એપેલન્ટની અપીલ નામદાર કોર્ટને મળેલ સત્તાની રૂએ તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંત ખાતર અને એપેલન્ટ કામદારને ભારે અન્યાય થવા નિવારવા માટે અને એપેલન્ટ ન્યાયથી વંચિત ન રહી જઈએ તેથી ન્યાયના હિતના ખાતર તેવા વિલંબને માફ કરી દાખલ કરી તેની સુનાવણી કરશોજી. વિકલ્પે નામદાર કોર્ટની પરવાનગીથી એપેલન્ટ કાર્યવાહી ખાતર તેવી વિલંબ માફીની અરજી કરવા તૈયાર છીએ.

**(૩)** રીસ્પોન્ડન્ટ તરફે વિ.વ.શ્રી વાય.બી.રાઠોડની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં અરજી મુજબની હકીકતો જણાવેલ છે.

**(૪)** એપેલન્ટ તરફે પ્રતિનિધીશ્રી આર.એમ.પ્રજાપતિની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં લેખિત જવાબ મુજબની દલીલ છે.

**(૫)** અરજદારની અરજીમાં, જી.આઈ.આર.એકટની કલમ–૮૪(૧) હેઠળ દાખલ કરવામાં આવેલ એપેલન્ટની અપીલ અંગે સમયમર્યાદાની તકરાર લેવામાં આવેલ છે. જેથી જી.આઈ.આર.એકટની કલમ–૮૪(૨) ધ્યાને લેવી જરૂરી છે.

**G.I.R Act Sec.84(2)**

S.84(2); Every appeal shall be made within thirty days from the date of the decision, conviction, acquittal or sentence, as the case may be:

Provided that the Industrial Court may for sufficient reasons allow an appeal after the expiry of the said period.

આ કલમથી જી.આઈ.આર.એકટની કલમ–૮૪(૧) હેઠળ અપીલ દાખલ કરવા માટે ચુકાદાની તારીખથી ૩૦ દિવસની સમયમર્યાદા નિશ્ર્વિત કરવામાં આવેલ છે અને આ કલમના પરંતુકમાં પુરતુ કારણ જણાય તો ઔદ્યોગિક અદાલત ૩૦ દિવસનો સમય પુરો થયા બાદ પણ અપીલ દાખલ કરી શકે તેવી છુટ મુકવામાં આવેલ છે.

એપેલન્ટની અપીલમાં ટી.અરજી નં.૧૯/૨૦૧૮ નો આખરી ચુકાદો તા.૦૧/૦૩/૨૦૨૪ ના રોજ આવેલ હોવાનું અને મજુર અદાલત, વલસાડ તરફથી સદર ચુકાદાની નકલ તેઓને તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ પછી મળેલ હોવાનું જણાવેલ છે. જેથી જી.આઈ.આર.એકટની કલમ–૭૪ ધ્યાને લેવી જરૂરી છે.

S.74; Notice of award to parties :-

(1) The arbitrator, Labour Court, as the case may be, shall forward copies of the award made by him or it to the parties, the Commissioner of Labour and the Registrar.

(2) On receipt of such award, the Registrar shall enter it in the register kept for the purpose and shall publish it in such manner as may be prescribed.

જી.આઈ.આર.એકટની કલમ–૭૪(૧) મુજબ મજુર અદાલતે આપેલ આખરી ચુકાદાની નકલ પક્ષકારોને ફરજીયાત પણે મોકલવાની રહે છે અને આ જોગવાઈ આદેશાત્મક જોગવાઈ છે. મજુર અદાલત, વલસાડ ધ્વારા ટી.અરજી નં.૧૯/૨૦૧૮ ના કામે આપવામાં આવેલ આખરી ચુકાદાની નકલ સદર કામના પક્ષકાર એવા હાલના એપેલન્ટને મજુર અદાલત, વલસાડ તરફથી ફરજીયાત મળવા પાત્ર હોઈ એપેલન્ટને મજુર અદાલત, વલસાડ તરફથી તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ પછી મળેલ છે. જેથી લીમીટેશન એકટની કલમ–૧૨ ધ્યાને લેવી જરૂરી છે.

**Limitation Act Sec.12; Exclusion of time in legal proceedings**

(1) In computing the period of limitation for any suit, appeal or application, the day from which such period is to be reckoned, shall be excluded.

(2) In computing the period of limitation for an appeal or an application for leave to appeal or for revision or for review of a judgment, the day on which the judgment complained of was pronounced and the time requisite for obtaining a copy of the

decree, sentence or order appealed from or sought to be revised or reviewed shall be excluded.

(3) Where a decree or order is appealed from or sought to be revised or reviewed, or where an application is made for leave to appeal from a decree or order, the time requisite for obtaining a copy of the judgment1[***] shall also be excluded.

(4) In computing the period of limitation for an application to set aside an award, the time requisite for obtaining a copy of the award shall be excluded.

Explanation.--In computing under this section the time requisite for obtaining a copy of a decree or an order, any time taken by the court to prepare the decree or order before an application for a copy there of is made shall not be excluded.

આ કલમ મુજબ અપીલ દાખલ કરવા માટેની સમયમર્યાદાની ગણતરીમાં, જે હુકમ કે ચુકાદા સામે અપીલ દાખલ કરવાની હોય તે હુકમ કે ચુકાદાની નકલ મેળવવામાં પસાર થયેલ સમય, સમયમર્યાદાની ગણતરીમાં બાદ મળવા પાત્ર છે.

(૬) એપેલન્ટની અપીલ વંચાણે લેતાં, ટી.અરજી નં.૧૯/૨૦૧૮ નો આખરી ચુકાદો તા.૦૧/૦૩/૨૦૨૪ ના રોજ આવેલ હોવાનું અને મજુર અદાલત, વલસાડ તરફથી સદર ચુકાદાની નકલ તેઓને તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ પછી મળેલ હોવાનું જણાવેલ છે. હાલની અરજીના કામે આંક–૩ ના લીસ્ટથી રજુ થયેલ ટી.અરજીના ચુકાદાની નકલ મજુર અદાલત, વલસાડ ધ્વારા એપેલન્ટને મોકલવામાં આવેલ હોવા અંગેના પત્રની નકલ વંચાણે લેતાં, તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ પત્ર ક્રમાંકઃ૧૭૧૬/૨૦૨૪ થી મોકલવામાં આવેલ છે. જેથી એપેલન્ટને ચુકાદાની નકલ તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ પછી મળેલ હોવાનું સ્પષ્ટ થાય છે. જી.આઈ.આર.એક્ટની કલમ–૭૪(૧) મુજબ મજુર અદાલતે આપેલ આખરી ચુકાદાની નકલ પક્ષકારોને ફરજીયાત પણે મોકલવાની રહે છે અને આ જોગવાઈ આદેશાત્મક જોગવાઈ છે. મજુર અદાલત, વલસાડ ધ્વારા ટી.અરજી નં.૧૯/૨૦૧૮ ના કામે આપવામાં આવેલ આખરી ચુકાદાની નકલ સદર કામના પક્ષકાર એવા હાલના એપેલન્ટને મજુર અદાલત, વલસાડ તરફથી ફરજીયાત મળવા પાત્ર હોઈ એપેલન્ટને મજુર અદાલત, વલસાડ તરફથી તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ પછી મળેલ છે. લીમીટેશન એક્ટની કલમ–૧૨(૪) મુજબ અપીલ દાખલ કરવા માટેની સમયમર્યાદાની ગણતરીમાં, જે હુકમ કે ચુકાદા સામે અપીલ દાખલ કરવાની હોય તે હુકમ કે ચુકાદાની નકલ મેળવવામાં પસાર

થયેલ સમય, સમયમર્યાદાની ગણતરીમાં બાદ મળવા પાત્ર છે. જી.આઈ.આર.એકટની કલમ–૭૪(૧) મુજબ મજુર અદાલત, વલસાડ ધ્વારા ટી.અરજી નં.૧૯/૨૦૧૮ ના કામે આપવામાં આવેલ આખરી ચુકાદાની નકલ સદર કામના પક્ષકાર એવા હાલના એપેલન્ટને મજુર અદાલત, વલસાડ તરફથી ફરજીયાત મળવા પાત્ર હોઈ અને એપેલન્ટને મજુર અદાલત, વલસાડ તરફથી તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ પછી મળેલ હોઈ લીમીટેશન એકટની કલમ–૧૨(૪) મુજબ ટી.અરજીના ચુકાદા તા.૦૧/૦૩/૨૦૨૪ થી તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ સુધીનો સમય, સમયમર્યાદાની ગણતરીમાં બાદ મળવા પાત્ર છે. ટી.અરજીનો ચુકાદો તા.૦૧/૦૩/૨૦૨૪ ના રોજ આવેલ છે અને હાલની અપીલ તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ દાખલ કરવામાં આવેલ છે અને તે રીતે એપેલન્ટની અપીલ સમયમર્યાદામાં હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

(૧) રીસ્પોન્ડન્ટની આંક–૧૧ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૨૬મી સપ્ટેમ્બર–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

( સ્ટેનો– સી.જી.ચૌધરી )